જા.નં.બોર્ડ/ /૨૦૧૮ ૭૨૦
જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી,
કારેલીબાગ,વડોદરા
તા.૪/૦૧/૨૦૧૮

પ્રતિ

આચાર્યશ્રી,

સરકારી તથા ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ

ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ)તમામ,

જિ.વડોદરા.

વિષય :- મેડીકલ અને ડેન્ટલ વિદ્યાશાખામાં એડમીશન માટે NEET પરીક્ષા માટે વિદ્યાર્થીઓને તાલીમ આપવા બાબત.

સંદર્ભ :- સચિવશ્રી, ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક- મઉમશબ/ ૨૦૧૭/૨૫૯૨/૨૬૨૬,તા.૦૫/૧૦/૨૦૧૭.

મહાશય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ધો.૧૨ (વિજ્ઞાન પ્રવાહ) ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ માટે મેડીકલ અને ડેન્ટલ વિદ્યાશાખામાં પ્રવેશ માટે NEET પરીક્ષા ફરજિયાત કરવામાં આવી છે. આ પરીક્ષામાં જિલ્લાના વિદ્યાર્થીઓ સારો દેખાવ કરી શકે તે માટે DIET ખાતે શાળાના વિદ્યાર્થીઓને એપ્રિલ – મે – જૂન માસના સમય દરમ્યાન તાલીમ આપવાનું આયોજન ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ છે.

આપની શાળામાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભણતા અને તેજસ્વી ગણી શકાય તેવા અને NEET ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની યાદી તા.૦૫/૦૧/૨૦૧૮ સુધીમાં અત્રેની કચેરીમાં રૂબરૂ બોર્ડ કારકુન શ્રી જગદીશભાઇ પરમાર ને અચૂક આપવા જાણ કરવામાં આવે છે.

આ ઉપરોક્ત આપની શાળામાં ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી વિષયના શિક્ષકો કે જે વિદ્યાર્થીઓને NEET ની પરીક્ષાની તૈયારી કરાવી શકે તેવાની વિષયવાર યાદી આ સાથે રજૂ કરવાની રહેશે. આ અંગે વધુ વિગત માટે શ્રી એમ.એન.પટેલ (શિક્ષણ નિરીક્ષક) નો સંપર્ક કરવો.

જિલ્લાશિક્ષણાધિકારી
વડોદરા

Scanned by CamScanner